**<u>આંક–૦૧ તળે હુકમઃ</u>**

ફરીયાદ હકીકત ધ્યાનમાં લીધી. ફરીયાદ પક્ષે સાંભળ્યા. હાલની ફરીયાદ પોલીસ દ્ધારા એમ.વી.એકટ અન્વયેના ગુન્હા અન્વયે દાખલ કરેલ છે. બનાવની તારીખ જોતાં અને સજાની જોગવાઇ ધ્યાનમાં લેતા, આ ગુન્હો બન્યા બાદ પોલીસના ધ્યાન ઉપર આવેલ છે અને ત્યારબાદ હાલની ફરીયાદ કોર્ટમાં રજુ કર્યાની તારીખ જોતાં બી.એન.એસ.એસ.ની કલમ–૫૧૪ મુજબ કોગ્નિઝન્સ લેવાની સમય મર્યાદા વીતી ગયા બાદ રજુ થયેલ છે. વિલંબ અંગે કોઇ કારણ કે ખુલાસો નથી. આ સંજોગોમાં અત્રેની કોર્ટ દ્ધારા કાયદાની નિયત કરેલી સમય મર્યાદા બાદ ગુન્હા અંગે કોગ્નિઝન્સ લઇ શકે નહીં અને આરોપી સામે ટ્રાયલ શરૂ કરી શકાય નહીં. જેથી હાલનો કેસ આગળ ચાલવાપાત્ર નથી. હાલનો કેસ બી.એન.એસ.એસ.ની કલમ–૫૧૪ મુજબ કોગ્નિઝન્સ લેવા સામે બાધ હોય, આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં ફેસલ કરવામાં આવે છે.

હુકમ આજરોજ જાહેર કર્યો.

તા.૧૪.૦૩.૨૦૨૬
વડોદરા.

**(શૈલેષકુમાર ગણપતલાલ પરમાર)**
૧૯માં એડી.ચીફ જ્યુડી.મેજી.વડોદરા.
(જજ કોડ નં.જીજે૦૧૧૪૬)